પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૩૯ | ૨૯ જુલાઈ, ૨૦૧૭, શનિવાર ; શ્રાવણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### નવી ૨૦૦ની નોટ આવે છે

ભારત સરકારના રાજયકક્ષાના નાણામંત્રીના જણાવ્યા મુજબ રૂ. ૨૦૦૦ની નોટ ધીમે ધીમે પરત ખેંચાઈ રહી છે અને નવી ૨૦૦ રૂ.ની નોટ વધુ પ્રમાણમાં બજારમાં મુકાશે.

### મહારાષ્ટ્ર ૩ મહિલા ક્રિકેટરોને ૫૦-૫૦ લાખ આપશે.

મહારાષ્ટ્ર સરકારે વર્લ્ડકપની મેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં નોંધપાત્ર દેખાવ કરનાર ત્રણ મહિલા ક્રિકેટરો પુનમ રાઉત, સ્મૃતિ મંધાના અને મોના મેશરામને ૫૦-૫૦ લાખ રૂ. ઈનામ આપવાનો નિર્ણય કર્યો છે.

### બોલીવુડ એકટર ઈન્દરકુમારનું અવસાન



વોન્ટેડ, માં તુઝે સલામ અને બાગી અને માસુમ જેવી ફિલ્મોમાં ભૂમિકા અદા કરી ચુકેલા બોલિવુડ અભિનેતા ઈન્દર કુમારનુ અવસાન થયુ છે. તે છેલ્લા કેટલાક સમયથી બિમાર હતો. હાર્ટ અટેકના કારણે તેમનુ મૃત્યુ થયુ હોવાના હેવાલ મળ્યા છે. મળેલી માહિતી મુજબ ઈન્દર કુમાર પર હાર્ટ અટેકનો હુમલો થયો હતો.

# નવાઝ શરીફ ભ્રષ્ટાચારમાં દોષિત

**પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે બહુમતિથી ઐતિહાસિક ચુકાદો : પનામા ગેટમાં નવાઝ શરીફ અંતે અપરાધી જાહેર : રાજીનામુ આપ્યું : જીવનભર માટે વડાપ્રધાન માટે અયોગ્ય જાહેર થયા : શરીફ-પરિવારની સામે કેસ દાખલ કરવા આદેશ**



ઈસ્લામાબાદ,તા. ૨૮

પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે આજે એક ઐતિહાસિક ચુકાદો આપીને પનામા ગેટ મામલામાં વડાપ્રધાન નવાઝ શરીફને દોષિત જાહેર કર્યા હતા. આની સાથે જ તેમને આજીવન માટે વડાપ્રધાન પદ માટે અયોગ્ય જાહેર કરી દેવામાં આવ્યા હતા. દેશની સર્વોચ્ચ અદાલતે આ ચુકાદો આપ્યા બાદ નવાઝ શરીફે તરત જ વડાપ્રધાન હોદ્દાથી રાજીનામુ આપ્યું હતું. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી નવાઝ શરીફનું રાજકીય ભાવિ પણ ખતમ થઈ ગયું છે. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે શરીફ અને તેમના પરિવારની સામે કેસ દાખલ કરવા માટે પણ આદેશ આપી દીધા છે. વડાપ્રધાન તરીકે નવાઝ શરીફની આ ત્રીજી અવધિ હતી. આશ્ચર્યની બાબત એ છે કે, ત્રણેય વખત નવાઝ શરીફ પોતાની અવધિને પૂર્ણ કરી શક્યા નથી. ૧૪મી ઓગસ્ટના દિવસે પાકિસ્તાનની સ્થાપનાના ૭૦

● અનુસંધાન પાન-૭ પર

# બીજે દિવસે પણ ધારાસભ્યોના રાજીનામાનો વરસાદ યથાવત

**વધુ ૩ ધારાસભ્યોના રાજીનામા : કોંગ્રેસના સભ્યોની સંખ્યા ઘટીને ૫૧ પર પહોંચી : બે સભ્યોએ રાત્રે અધ્યક્ષના નિવાસસ્થાને જઈ રાજીનામા આપ્યા**

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભામાં આજે પણ કોંગ્રેસના વધુ ૩ ધારાસભ્યોએ રાજીનામા આપાતં કોંગ્રેસના ઉમેદવાર અહમદ પટેલ માટે વિજયનું ગણિત વધુ ગરબાડિયુ છે.

આજે ઠાસરાના ધારાસભ્ય રામસિંહ પરમાર, બાલાસિનોરના માનસિંહ ચૌહાણ અને વાંસદાના છનાભાઈ ચૌધરીએ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપ્યું છે.

માનસિંહ ચૌહાણ અને છનાભાઈ ચૌધરીએ અધ્યક્ષ રમણભાઈ વોરાના નિવાસસ્થાને ગઈકાલે મોડી રાત્રે જઈ રાજીનામાના પત્રો આપ્યા હતા. આજે રામસિંહ પરમારે અધ્યક્ષની ચેમ્બરમાં જઈ રાજીનામાનો પત્ર સુપ્રત કર્યો હતો.

આ સાથે વિધાનસભામાંથી રાજીનામુ આપનારા

● અનુસંધાન પાન-૭ પર

## નીતિશકુમાર હે રામથી જય શ્રી રામ થઈ ગયા : તેજસ્વી

પટણા, તા. ૨૮

બિહાર વિધાનસભામાં આજે ભારે ધાંધલ ધમાલ થઈ હતી. બિહાર વિધાનસભામાં સરકારના વિશ્વાસમત પ્રસ્તાવ પહેલા પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને આરજેડી નેતા તેજસ્વી યાદવે નીતિશ કુમાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ગૃહની અંદર અને બહાર બંને જગ્યાએ તેજસ્વીએ પ્રહારો કર્યા હતા. તેજસ્વી પ્રહાર કરતા કહ્યું હતું કે, નીતિશકુમાર હેરામથી જયશ્રી રામ થઈ ગયા છે. પહેલાથી જ તમામ યોજના તૈયાર કરાઈ હતી.

છ મહિનાની તૈયારી બાદ કાવતરાને અંજામ આપવામાં આવ્યો હતો. નીતિશની પ્રતિષ્ઠા ઉભી કરવા માટે તમામ નાટક કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશ જાણે છે કે, નીતિશકુમાર કેટલા પ્રમાણમાં આધાર ધરાવે છે. ચંપારણ સત્યાગ્રહના ૧૦૦ વર્ષ પર ગાંધીના હત્યારાઓને તેઓ મળી ગયા છે. તેઓએ એફઆઈઆરમાં સમગ્ર માહિતી નીતિશકુમારને આપી હતી.

# બિહારમાં નીતિશકુમારે વિશ્વાસમત જીતી લીધો

પટણા, તા. ૨૮

બિહારના મુખ્યપ્રધાન નીતીશ કુમારે આખરે વિશ્વાસ મત જીતીને પ્રથમ અડચણને આજે દુર કરી દીધી હતી. આજે બિહાર વિધાનસભામાં આરજેડી અને કોંગ્રેસી સભ્યો દ્વારા ભારે ધાંધલ ધમાલ વચ્ચે નીતીશ કુમારે બહુમતિ સાબિત કરી હતી. નીતીશ કુમારે ધારણા પ્રમાણે જ ખુબ સરળતાથી બહુમતિ માટેનો જરૂરી આંકડો હાંસલ કરી લીધો હતો. નીતીશ કુમારના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનને ૧૨૨નો જાદુઈ આંકડો હાંસલ કરવા માટેની જરૂર હતી. વિશ્વાસમત દરમિયાન નીતીશ કુમારના સમર્થનમાં ૧૩૧ અને વિપક્ષમાં ૧૦૮ મત પડ્યાહતા. નીતીશ કુમારની છાવણીએ ૧૩૨ મત મળ્યા હોવાનો દાવો કર્યો છે. ભાજપના ધારાસભ્ય આનંદ ભુષણ પાન્ડેની તબિયત ખરાબ હોવાના કારણે તેમને સારવાર માટે દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. જેથી નીતીશ કુમારની તરફેણમાં એક મત ઓછુ રહ્યુ હતુ. વિશ્વાસ મત જીતી લીધા બાદ નીતીશ કુમારે આરજેડી પરિવાર પર તેજાબી પ્રહારો કર્યા



હતા અને કહ્યુ હતુ કે બિહારમાં લોકોએ બહુમતિ પરિવારની સેવા માટે મળી ન હતી. તેમને બિહારના લોકોની સેવા અને તેમના વિકાસ માટે બહુમતિ મળી હતી. કોઈ એક પરિવારની સેવા માટે લોકોએ બહુમતિ આપી ન હતી. વિધાનસભાની કાર્યવાહી શરૂ થતાની સાથે જ મુખ્યપ્રધાન નીતીશ કુમારે વિશ્વાસમત રજૂ કર્યો હતો. ત્યારબાદ સત્તા અને વિપક્ષ વચ્ચે જોરદાર પ્રહારો એકબીજા પર કર્યા હતા. બહુમતિ સાથે પરિક્ષણનુ જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ ન હતુ. બિહારમાં રાજકીય ઘટનાક્રમના દોર વચ્ચે ગઈકાલે ગુરૂવારના દિવસે સવારે નીતીશ કુમારની ફરી વાર મુખ્યપ્રધાન તરીકે તાજપોશી કરવામાં આવી હતી.

# કોંગીના ધારાસભ્યોને તોડવા કરોડો રૂપિયાની ઓફર થઈ

**અમારા ધારાસભ્યોને ૧૦ કરોડની ઓફર કરવામાં આવી : કોંગ્રેસનો આરોપ**

અમદાવાદ, તા.૨૮

ગુજરાત કોંગ્રેસમાં ભયંકર ગાબડા બાદ હવે ડેમેજ કંટ્રોલની કવાયતના ભાગરૂપે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ અભિષેક મનુ સિંઘવી અને રણદીપ સૂરેજવાલે અમદાવાદમાં ધામા નાંખ્યા છે અને હવે રાજયસભાની ચૂંટણી પહેલા વધુ ધારાસભ્યો ભાજપ તોડે નહી અને પક્ષમાંથી વધુ કોઈ રાજીનામા ના પડે તેની વ્યૂહરચનામાં પડયા છે. ચૂંટણીમાં ટિકિટની લાલચ આપી તોડાઈ રહ્યા છે. રાજયસભાની ચૂંટણી પહેલાં ભાજપના લોકશાહીના મૂલ્યોને નેવે મૂકતાં હીન પ્રયાસો અંગે ભારતીય ચુનાવ આયોગને સમગ્ર મામલામાં તાત્કાલિક જરૂરી પગલા ભરવા અને કાયદાનુસાર કાર્યવાહી કરવા તેમણે માંગણી કરી હતી.

અને લોકતંત્રની હરાજીનું ષડયંત્ર મહાત્મા ગાંધીની પવિત્ર ભૂમિ ગુજરાતમાં ચાલી રહ્યું છે. રાજયસભાની ચૂંટણી માટે ભાજપ પાસે બે બેઠકો જીતવાનો જનમત છે પરંતુ પૈસા, સત્તા અને બાહુબળના આધારે ભાજપ દ્વારા હલકી કક્ષાનું રાજનીતિક ષડયંત્ર ગાંધીજીની ભૂમિ પર ખેલાઈ રહ્યું છે અને એ પણ ત્યારે કે જયારે સમગ્ર દેશ તા.૯મી ઓગસ્ટે મહાત્મા ગાંધીજીના ભારત છોડો આંદોલનની ૭૫મી વર્ષગાંઠ મનાવશે. ભાજપ દ્વારા લોકશાહીની હત્યા થઈ રહી છે અને ચૂંટણીના નીતિનિયમોને નેવે મૂકાઈ રહ્યા છે. તેમણે ચૂંટણી પંચને આ સમગ્ર મામલામાં તાત્કાલિક પગલાં લેવા માંગણી કરી હતી.

અખિલ ભારતીય કોંગ્રેસ કમીટીના મીડિયા પ્રભારી રણદીપ સૂરેજવાલે ભાજપ પર જોરદાર પ્રહારો અને ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, સત્તાની ભૂખે સત્તાના શાસકોને એટલી હદે આંધળા કરી નાંખ્યા છે કે, કોંગ્રેસના ધારાસભ્યોને કરોડો રૂપિયાની ઓફર કરી તેમ જ તેમને તેમણે ભાજપ પર ચાબખા મારતાં જણાવ્યું કે, ભારતને ગુલામ બનાવનારા ગોરા અંગ્રેજોની નીતિ હતી કે, ફુટ ડાલો ઔર રાજ કરો, જયારે આજના કાળા અંગ્રેજો(ભાજપ)ની નીતિ છે કે, ફુટ ડાલો, અંહકાર પાલો અને જનમત હરો, રાજ કરો. દુર્ભાગ્ય એ વાતનું છે કે, પાખંડીઓ અને સત્તાના વેપારીઓ દ્વારા પ્રજાતંત્રની હત્યા

## ભાજપ હલકી રાજનીતિ કરી રહ્યું છે : શકિતસિંહ ગોહિલ

અમદાવાદ,તા.૨૮

ઉપરાંત શક્તિસિંહ ગોહિલે પર કહ્યું કે, અમારા ધારાસભ્યનો લાલચ આપવામાં આવી છે. ભાજપને ગુજરાતની જનતા ક્યારેય માફ નહીં કરે. શકિતસિંહ ગોહિલે ભાજપ પર આરોપ લગાવતા કહ્યું કે, ભાજપ હલકી રાજનીતિ કરી રહ્યું છે. ભાજપે શામ, દાડ, દંડ અને ભેદ અપનાવ્યો છે. આઈપીએસ અધિકારીપર શક્તિસિંહ ગોહિલે આરોપ લગાવ્યો હતો. જ્યારે ધારાસભ્ય પુના ગામિતને લાલચ અપાઈ હોવાનું શક્તિસિંહે જણાવ્યું હતું.

## મને ૧૦ કરોડની ઓફર કરાઇ હતી : ગાવિત

અમદાવાદ,તા.૨૮

જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય ગાવિતે ગાવિતે કહ્યું કે, મને ૧૦ કરોડની ઓફર કરાઈ હતી. ખુમાનસિંહ વાસિયાનો ફોન આવ્યાનું પણ ગાવિતે કહ્યું હતું. વાસિયા વધુમાં એમ પણ કહ્યું કે, ભાજપમાંથી ટિકિટ આપવાની ઓફર પણ કરાઈ હતી. ઉપરાંત શક્તિસિંહ ગોહિલે પર કહ્યું કે, અમારા ધારાસભ્યનો લાલચ આપવામાં આવી છે. ભાજપને ગુજરાતની જનતા ક્યારેય માફ નહીં કરે.

## ગુજરાત પરથી ભારે વરસાદનો ખતરો ટળ્યો

**સીસ્ટમ પાકિસ્તાન તરફ ફંટાઇ**

ન્યુ દિલ્હી,તા.૨૮

રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારમાં દરિયાની સપાટીથી ૦.૯ કિલોમીટરની ઉંચાઈ પર સર્જાયેલું અપર એર સાયકલોનિક સરકયુલેશન ગુજરાત ભણી ધસમસતું આવી રહ્યું હતું પરંતુ છેલ્લી ઘડીએ આ સીસ્ટમ પાકિસ્તાન તરફ ફંટાઈ ગઈ છે અને તેના કારણે ભારેથી અતિ ભારે વરસાદનો ગુજરાત પરનો ખતરો ટળી ગયો છે.

હવામાન ખાતાના સત્તાવાર સાધનોના જણાવ્યા મુજબ પાકિસ્તાનને બદલે જો આ સીસ્ટમ ગુજરાત તરફ આવી હોત તો સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં વાવાઝોડાની અને ભારેથી અતિ ભારે વરસાદની ભારોભાર શકયતા હતી. બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ સહિતના જિલ્લાઓમાં મેઘરાજાએ વરસાવેલી કહેરની કળ હજુ લોકોને વળી નથી. રાહત અને બચાવની કામગીરી હજુ ચાલુ છે ત્યાં જો બીજો વરસાદનો જોરદાર રાઉન્ડ આવી જાત અને વાવાઝોડા સાથે ભારેથી અતિ ભારે વરસાદ પડત તો ગુજરાત પર જબરું સંકટ આવી પડત પરંતુ સીસ્ટમની દિશા બદલાતા ગુજરાતે રાહતનો શ્વાસ ખેંચ્યો છે.

## શંકરસિંહ વાઘેલા બે દિવસ ઉત્તર ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારોના પ્રવાસે

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ૨૯ અને ૩૦ દરમ્યાન બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે જનાર છે.

આજે તેમના કાર્યાલયના સત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર ૨૯મીએ તેઓ મોટર માર્ગે પાલનપુર જશે. ત્યાંથી તેઓ પૂરગ્રસ્ત વિસ્તારોનો પ્રવાસ કરશે અને રાત્રે રાધનપુર જશે.

રાધનપુર રાત્રિ રોકાણ કરી બીજા દિવસે પાટણ જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ ગાંધીનગર મોડી રાત્રે પરત ફરશે.

એક દિવસ પૂર્વે જ તેમણે આ પૂરગ્રસ્ત વિસ્તારોનો તેઓ પ્રવાસ કરશે તેવી જાહેરાત કરી હતી જે ઉલ્લેખનીય છે. તેમણે કેન્દ્ર સરકારે કરેલી સહાયને પણ અપૂરતી લેખાવી હતી.

# ધરમપુરમાં ૧૨ ઈંચ વરસાદ

દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિ યથાવત રહેતા જનજીવન ઉપર અસર થઈ છે. રાજયના ૧૩૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે જે પૈકી ધરમપુરમાં ૧૨ ઈંચ, વઘઈમાં ૧૧ ઈંચ, કલોલ-તાપીમાં ૧૦-૧૦ ઈંચ વરસાદ થયો છે જેના કારણે વધુ વરસાદવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ રહી છે. ભારે વરસાદના પગલે અસરગ્રસ્ત વિસ્તારોમાંથી હજુ સુધી ૮૦૦૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવી ચુક્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૯૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. મૃતકોના પરિવારને છ લાખ રૂપિયા ચુકવવાની જાહેરાત પહેલાથી જ થઈ ચુકી છે. સૌથી અસરગ્રસ્ત એવા બનાસકાંઠા, પાટણ જિલ્લામાં ૩૮૨૪૧ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. ૧૨૭૯૮ લોકોને રેસ્કયુ ઓપરેશન હાથ ધરીને બચાવી લેવામાં આવ્યા છે. ૫૫૩ ગામોમાં વિજ પુરવઠો પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યો છે. બીજી બાજુ મહેસુલમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ ફલડ કન્ટ્રોલ રુમ ગાંધીનગર ખાતે રાહત કામગીરીની આજે સમીક્ષા કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ બે તાલુકાઓમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ થયોછે. વલસાડ જિલ્લાના ધરમપુરમાં ૨૯૮ મીમી એટલે કે ૧૨ ઈંચ વરસાદ થયો છે જ્યારે ડાંગ જિલ્લાના વઘઈમાં ૨૭૩ મીમી એટલે કે ૧૧ ઈંચ વરસાદ થયો છે. ગાંધીનગર જિલ્લાના કલોલમાં ૨૫૫ મીમી અને તાપી જિલ્લાના ડોલવણમાં ૨૪૯ મીમી વરસાદ થયો છે.

**દક્ષિણ-ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ : વઘઈમાં ૧૧, કલોલ-તાપીમાં ૧૦-૧૦ ઇંચ વરસાદ**

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલી માહિતી મુજબ ચાર તાલુકામાં સાત ઈંચ સુધીનો વરસાદ થયો છે જેમાં મહુવા તાલુકામાં ૨૪૩, કપરાડામાં ૨૨૪ મીમી વરસાદ થયો છે. બે તાલુકામાં ૯ ઈંચ વરસાદ થયો છે. કડીમાં ૧૮૧, વાસંદામાં ૧૮૭ મીમી, ખેર ગામમાં ૧૭૨, વ્યારામાં ૧૭૧ મીમી વરસાદ નોંધાઈ ચુક્યોછે. વલસાડ તાલુકામાં ૧૫૭ મીમી સહિત ત્રણ તાલુકામાં છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ૧૩ તાલુકામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ અને ૩૫ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ અને અન્ય ૪૪ તાલુકાઓમાં અડધો ઈંચ વરસાદ થયો છે. ૨૫૩ ગામોમાં વિજ પુરવઠો પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યોછે. છેલ્લા એક સપ્તાહથી બનાસકાંઠા ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્તોને સ્થળાંતર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ અસરગ્રસ્ત વિસ્તારોમાં સંપર્ક કરીને તમામ કામગીરી આગળ વધી રહી છે. ચુડાસમાએ માહિતી આપતા કહ્યું છે કે, રાજ્યમાં રાહત અને બચાવ કામગીરીના ભાગરુપે ૮૦૦૦૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
Himalaya ZANDU VASU Healthcare Pvt. Ltd. પતંજલિ Baidyanath Dabur SANDU Charak NAGARJUNA BAN Since 1966
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple,
Cheap Type Shopping Center, Sector-6/D,
Gandhinagar. Ph. : 079 - 23241415